ગાંધીનગર સમાચાર

સેન્ટ્રલ બાર્ડની માન્યતા ધરાવતી શાળાઓએ મંજુરી પત્ર નોટીસ બાર્ડ પર ચિપકાવવા પડશે

# ઉવારસદમાં ૪૦૦થી વધુને ફુડ પોઈઝનીંગ

**લગ્ન સમારંભમાં જમ્યા બાદ મોડીરાત્રે ખોરાકી ઝેરની અસર થતાં ગાંધીનગર સિવિલમાં ૨૦૦ દાખલ કરાયા : અડાલજ, સોલા, કડી, કલોલ હોસ્પિટલોમાં પણ સારવાર માટે દાખલ કરાયા : જવાબદારો સામે કડક કાર્યવાહી માટે તંત્રની તાકિદ : રાજકીય આગેવાનો અને અધિકારીઓ ખડેપગે રહ્યા**






ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર નજીક આવેલા ઉવારસદ ગામે ગત રાત્રીના સમયે એક લગ્ન સમારોહમાં મહેમાનોએ ભોજન આરોગ્યા બાદ ૪૦૦થી વધુ મહેમાનોને ખોરાકી ઝેરની અસર થતા તેમની તબિયત લથડી હતી. ફુડ પોઈઝનીંગની અસરથી ટપોટપ એક પછી એક વ્યકિતની તબિયત ખરાબ થતા અસરગ્રસ્તને ત્વરીત નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ અન્ય ખોરાકી ઝેરની અસર પામેલા દર્દીઓને ૧૦૮ તેમજ પ્રાઈવેટ વાહનોમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ખોરાકી ઝેરની અસર પામેલા દર્દીઓમાં નાના બાળકથી લઈને વયોવૃધ્ધ નાગરીકોનો સમાવેશ થાય છે. એક પછી એક દર્દીઓ સિવિલ હોસ્પિટલ આવતા તંત્રમાં પણ દોડધામ મચી જવા પામી હતી. ઘટનાની જાણ ફરજ પરના ડોકટરે આરએમઓને કરતા તાત્કાલીક હોસ્પિટલ દોડી આવ્યા હતા અને અન્ય ડોકટરોને બોલાવી દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરી હતી. જયારે ઘટનાની ગંભીરતાને લઈ જિલ્લા કલેકટર સતિષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર, આરોગ્ય સમિતિના ચેરમેન આશાબા રાઠોડ, જિલ્લા પંચાયતના ઉવારસદના સદસ્ય ઠાકોર, કુડાસણના સદસ્ય બેચરજી ઠાકોર સહિતના અગ્રણીઓ હોસ્પિટલ આવી પહોંચ્યા હતા અને તમામ દર્દીઓને મળી ને ખબર અંતર પુછ્યા હતા અને જરુરી માહિતી મેળવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ગુજરાતમાં લગ્નસરાની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. ઠેરઠેર ભવ્ય લગ્ન સમારોહ યોજાઈ રહ્યા છે. મહેમાનો મનભરીને અવનવી વાનગી આરોગે છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના ઉવારસદ ગામે રહેતા સુરેશ ગોંવિદભાઈ પટેલના દિકરા મૌલિક પટેલનું ગઈકાલે રાત્રે લગ્નનું રિસેપ્શન ઉમીયા વાડી ખાતે યોજાયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## ઘટના સ્થળે જ દર્દીઓને ઓપીડી સારવાર અપાઈ

જિલ્લા આરોગ્ય તંત્રને ઉવારસદની ફુડપોઈઝનીંગની ઘટના રાત્રીના ૧૨ વાગ્યાની આસપાસ ધ્યાને આવતા તંત્ર દ્વારા તાત્કાલીક અસરથી ચાર ડોકટરોની ટીમ ઉવારસદ ખાતે મોકલી અપાઈ હતી અને સ્થળ પર જ દર્દીઓને ઓપીડી સારવાર અપાઈ હતી. જયારે ઉવારસદ ગામે ૭ ટીમો સર્વેલન્સની કામગીરી માટે મોકલી અપાઈ હતી. ખોરાકી ઝેરની અસરને પગલે જમણવારમાંથી દુધીનો હલવો તેમજ બાસુંદીના સેમ્પલ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની લેબોરેટરી ખાતે મોકલી અપાયા છે.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પથારીની ક્ષમતા બેવડાવાશે

**જીએમઈઆરએસ અને સરકાર બન્ને દ્વારા પ્રાથમિક વિચારણામાં સમગ્ર બાબત છે : શહેર અને આસપાસના વિસ્તારના વિકાસને ધ્યાને રાખી સેવાઓના સઘનીકરણ માટે પણ ક્ષમતા વધારવી જરૂરી**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારના થઈ રહેલા વિકાસને ધ્યાને રાખી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલની પથારીની ક્ષમતા જે ૬૦૦ની છે તે વધારીને ૧૨૦૦ સુધી લઈ જવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરમાં મેડીકલ કોલેજ તેના પાંચ વર્ષ પૂર્ણ કરી રહી છે અને ૨૦૧૮થી અહિ પોષ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસક્રમ પણ ચાલુ કરવામાં આવે તો હાલની હોસ્પિટલની ક્ષમતામાં વધારો કરવો પડે.

ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારમાં જે રીતે વિકાસ આગળ વધી રહ્યો છે તેને ધ્યાને લેતાં તેમજ ગાંધીનગર જિલ્લામાં એક માત્ર મોટી હોસ્પિટલ ગાંધીનગર શહેરમાં જ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઘ-૩ પાસે દબાણો-ગંદકી નાથવા ફેન્સીંગ

**ખુલ્લી જગ્યામાં શટલિયા વાહનોનુ સ્ટેન્ડ ઉભુ થયુ હતુ : દબાણો વધતા ગંદકીના ઢગ ખડકાયા હતા**

ગાંધીનગર તા ૧૨

શહેરમાં દબાણો અને ગંદકીની સમસ્યા વધતી જાય છે. એકબાજુ પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો જોવા મળી રહયો છે. જયારે કેટલીક ખુલ્લી જગ્યાઓ પર ગેરકાયદેસર રીતે વાહનોનો ખડકલો કરી દેવાતા નતનવી સમસ્યાઓ ઉદભવે છે. પથિકાશ્રમ પાસે સ્થિત પેટ્રોલ પંપ સામે શટલીયા વાહનો પાર્ક થતા ખુલ્લી જગ્યામાં ગંદકી અને દબાણની સમસ્યા જટીલ બની હતી. જેને નિવારવા માટે તંત્ર દ્વારા આજે ફેન્સીંગનુ કામ હાથ ધરાયુ હતુ.

શહેરમાં સ્થિત કોમન પ્લોટ અને મેદાનોમાં નાના મોટા અનેક દબાણો

● અનુસંધાન પાન-૭ પર



# આજે ગ્રામ પંચાયતના ઉમેદવારી પત્રોની ચકાસણી થશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રક્રિયામાં આજે ઉમેદવારી પત્રોની ચકાસણી સવારે ૧૧ વાગ્યાથી શરૂ થશે જે બપોરના ૩ વાગ્યા સુધી ચાલશે.

જિલ્લામાં ૧૯૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે આમ તો આજે ચકાસણી હાથ ધરવામાં આવનાર હતી પરંતુ ઈદની રજામાં ફેરફાર થતાં પંચે પંચાયત અધિનિયમની જોગવાઈને આધીન રહી ચકાસણીનો કાર્યક્રમ ૧૩મીએ હાથ ધરાશે તેવી જાહેરાત કરી હતી.

જિલ્લામાં ૧૯૪ પંચાયતોમાં ૪ હજારથી વધુ ઉમેદવારી પત્રો ભરાયા છે. આ ચૂંટણી જંગ નવા નિયમો પ્રમાણે લડાઈ રહી હોવાથી આજની ચકાસણીની કામગીરી મહત્વની પુરવાર થશે.

રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ ૨૦૦થી વધુ ફોર્મ આજે ચકાસણી દરમ્યાન રદ થવાની સંભાવના છે. ડમી ઉમેદવારી પત્ર ભરાયા હોય તેવી શકયતાઓ નહિવત્ છે.

આજે ચકાસણી પછી ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની કામગીરી શરૂ થશે અને તે ૧૪મીએ બપોરના ૩ વાગ્યા સુધી ચાલશે.

ગ્રામીણ વિસ્તારોમાં બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે તે જોતાં આ વખતનો જંગ રોચક બની રહેશે તેમાં કોઈ શંકા નથી. બીજુ ખર્ચની મર્યાદા હોવાથી અને નોટબંધીને કારણે પણ

● અનુસંધાન પાન-૭ પર

## સેન્ટ્રલ બાર્ડની માન્યતા ધરાવતી શાળાઓએ મંજુરી પત્ર નોટીસ બાર્ડ પર ચિપકાવવા પડશે

**વાલીઓ છેતરપીંડીનો ભોગ ન બને તે માટે જિલ્લા શિક્ષણતંત્રએ શાળાઓને સુચના આપી : જિલ્લામાં સી બી એસ સી બોર્ડની માન્યતા ધરાવતી ૧૭ શાળાઓ**

ગાંધીનગર તા ૧૨

સી બી એસ ઇ બોર્ડની માન્યતા ધરાવતી શાળોઓને મંજુરી પત્ર નોટીસ બોર્ડ પર ચિપકાવવા માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સુચના આપવામાં આવી છે. રાજકોટમાં સી બી એસ ઇ બોર્ડની માન્યતા ન ધરાવતી શાળાઓમાં વાલીઓ છેતરાયા હોવાની ઘટના પ્રકાશમાં આવતા ગાંધીનગર જિલ્લાની શાળાઓને ત્વરિત અસરથી પોતાના માન્યતા પત્રને વાલીઓ જોઇ શકે તે રીતે લગાવવા જણાંવાયુ છે.

શાળા પ્રવેશના મામલે કેટલીક શાળાઓની પુરતી માહીતી ન હોવાના અભાવે વાલીઓ ઘણીવાર છેતરપીંડીનો ભોગ બનતા હોવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવે છે. થોડા સમય અગાઉ શિક્ષણતંત્ર દ્વારા શાળાના શિક્ષકોની યાદી સહીતની તમામ વિગતો પણ બોર્ડ પર લગાવવા માટે સુચના આપવામાં આવી હતી. જેથી શાળામાં આવનાર મુલાકાતી તેમજ વાલીઓ શિક્ષકો અંગે માહીતગાર થઇ શકે જયારે હાલ સી બી એસ ઇ બાર્ડની માન્યતા ધરાવતી શાળાઓ માટે પણ જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જરૂરી માહીતી શાળાના નોટીસ બોર્ડ પર રજુ કરવા જણાંવાયુ છે. સી બી એસ ઇ બાર્ડની શાળાઓમાં પ્રવેશ મેળવવાના મામલે વાલીઓ ઘણવાર છેતરપીંડીનો ભોગ બનતા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા બાદ જિલ્લા શિક્ષણતંત્ર પણ આ મામલે જાગૃત થયુ છે. રાજકોટમાં વિદ્યાર્થીઓના સી બી એસ ઇ પ્રવેશ મામલે વાલીઓ છેતરાયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેના પગલે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા ગાંધીનગરની શાળોઓને સી બી એસ ઇ બોર્ડની માન્યતા ધરાવતા મંજુરી પત્રને નોટીસ બોર્ડ પર લગાવવા માટે સુચના આપવામાં આવી છે. જિલ્લામાં ૧૭ જેટલી શાળાઓ સી બી એસ ઇ બોર્ડની માન્યતા ધરાવે છે. જયારે આ પૈકી ૫ સરકારી કેન્દ્રીય શાળાઓનો પણ સમાવેશ થાય છે. જયારે અન્ય સેલ્ફ ફાઇનાન્સ શાળાઓ છે. પ્રવેશ મામલે વાલીઓ ગેરમાર્ગે ન દોરવાય અને શાળા અંગે જરૂરી માહીતી મળી રહે તે માટે શાળાકક્ષાએથી સઘળી વિગત નોટીસ બોર્ડ પર લગાવવા માટે સુચના આપવામાં આવી છે.


VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
DECOR · DC TEX · HOMES · COPPER · Kurl-on · SPRINGFIT
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m. 8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR 09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m. E-174, ELECTRONICES ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR 09462597151, 09414119651

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજી. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com